### 123 વર્ષ પહેલાં મરાઠા સમાજે ગણેશજીની સ્થાપના કરી હતી

# જંબુસર નગરમાં સ્થાપિત કરાયેલાં દુંદાળાદેવનું આજે વિસર્જન કરાશે

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

ભરૂચ જિલ્લામાં જંબુસર અને આમોદમાં સાતમા દિવસે ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરવાની પરંપરા ચાલતી આવે છે. આજે સોમવારના રોજ બંને નગરોમાં શ્રીજીની શાહી સવારીઓ નીકળશે.

જંબુસરના વિવિધ વિસ્તારોમાં ગણેશની કલાત્મક પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ જંબુસર અને આમોદમાં અનંત ચૌદશના બદલે દસમના દિવસે વિસર્જન કરવામાં આવે છે. આજે બંને નગરોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ગણેશજીની વિસર્જન યાત્રાઓ નીકળશે. જંબુસર નગરમાં જે તે મોહલ્લાના ક્રમાંક પ્રમાણે શોભાયાત્રા કાઢવાની હોય છે. પ્રથમ ક્રમાંક મરાઠા સમાજના ભાગલીવાળ ગણેશ ફળિયાથી શ્રીજીને " પ્રતિમાને મહાઆરતી કર્યા બાદ શોભાયાત્રા શરૂ કરવામાં આવે છે ત્યારબાદ તમામ ગણપતિ કોટ દરવાજા ખાતે ક્રમાંક અનુસાર લગ્નના મુખ્ય માર્ગો ઉપર શોભાયાત્રા નીકળે છે નગરપાલિકાના સત્તાધીશો દ્વારા કાલકા માતાના મંદિર પાસે નાગેશ્વર તળાવ ના ઓવારા પાસે સાફ સફાઈ લાઈટ ની વ્યવસ્થા મંડપ શ્રીજી ના વિશ્લેષણ માટેની તમામ સુવિધાઓ કરી દેવામાં આવી છે તેમજ 15 જેટલા તરવૈયાઓને તૈયાર રખાયા છે.

**DATE: 25/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**



### એલસીબીએ 310 કિલો વાયર કબજે લીધાં

# અંકલેશ્વરમાંથી વીજકંપનીના વાયરોની ચોરીમાં એક ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના હરિપુરા ,નાંગલ અને સજોદ ગામની સીમમાં વીજ કંપનીના 21,540 કંડકટર કેબલ ની ચોરી થઈ હતી.

ભરૂચ એલસીબી પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સ દ્વારા તપાસ શરુ કરી હતી દરમ્યાન અંકલેશ્વરની રાજપીપલા ચોકડી નજીક એક કોમ્લેક્સ માં આવેલ જગ્યા માં એક શખ્સ વીજકંપની ના કેબલો સાથે હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા કેબલ ના જથ્થા સાથે એક શખ્સ ને ઝડપી લીધો હતો ,એલસીબી પોલીસે તેની પૂછપરછ કરતા તે મોન્ટુ પાસવાન હોવાનું જણાવ્યું હતું અને કેબલના જથ્થા અંગે પુછપરછ કરતા આ કેબલ નો જથ્થો પટેલ નગરમાં રહેતા મુકેશ નામનો શખ્સ તેના મિત્રો સાથે ગામડાઓમાંથી પસાર થતી દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કેબલોની ચોરી કરી લાવી સસ્તા ભાવે આપી જતા વેચાણે રાખેલ હોવાની કબૂલાત કરતા તેની ધરપકડ કરી રૂપિયા 65 હજાર નો 310 કિલોગ્રામ કેબલ નો જથ્થો ,કેબલ કટિંગ નું ગ્લાઈન્ડર મશીન તથા અન્ય સાધનો મળી કુલ રૂપિયા 67 હજારનો મુદ્દામાલ કબ્જે કરી મુકેશ નામના શખ્સ ને વોન્ટેડ જાહેર કરાયાં છે. પોલીસે તેમને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરી દીધાં છે.

**DATE: 25/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### ૧૪ હજારનો મુદ્દામાલ કબજે લઈ બે સામે ગુનો નોંધ્યો

# ઝઘડિયા તાલુકાના ખડોલી ખાતે જુગાર રમાડતો ઈસમ ઝડપાયો

## રૂા.૧૪૬૩૦ નો મુદ્દામાલ કબજે લઈ પોલીસે કાર્યવાહી કરી

। ઝઘડિયા ।

ઝઘડિયા તાલુકાના ખડોલી ગામેથી પોલીસે આંક ફરકના આંકડાનો જુગાર રમાડતા એક ઈસમને કુલ રૂ.૧૪૬૩૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. આ અંગે રાજપારડી પોલીસમાંથી મળતી વિગતો મુજબ ગતરોજ તા.૨૩ મીના રોજ રાજપારડીના પોલીસ જવાનો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે ખડોલી ગામના સંચા ફળિયા પાસે ખુલ્લામાં બેસીને એક ઈસમ આંકડા લખે છે. પોલીસે મળેલ બાતમી મુજબના સ્થળે જઈને રેઈડ કરતા સ્થળ ઉપર એક ઈસમ આંકડા લખવા બેઠેલો હતો. પોલીસે તેનું નામ પુછતા તેનું નામ મુકેશ રમેશભાઈ વસાવા રહે.સંચા ફળિયું ખડોલી તા.ઝઘડિયા જિ.ભરૂચના હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ ઈસમને ઝડપી લઈને ઘટના સ્થળેથી આંક ફરકના વિવિધ આંકડા લખેલ નોટબુકની કાપલી, પુઠ્ઠાની કાપલીઓ, બોલપેન, એક મોબાઈલ તેમજ રોકડા રૂપિયા મળીને કુલ રૂ.૧૪૬૩૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસ તપાસ દરમિયાન આ ઝડપાયેલ ઈસમ આંકડાનું કટિંગ નિલેશ વસાવા રહે.લિમોદરા તા.ઝઘડિયાના પાસે કરાવતો હોવાનું જણાયું હતું. રાજપારડી પોલીસે ઉપરોક્ત બન્ને ઈસમો, ઘટના સ્થળે હાજર મળેલ મુકેશ રમેશભાઈ વસાવા રહે.ગામ ખડોલી તા.ઝઘડિયા અને ઘટના સ્થળે હાજર નહિ મળેલ નિલેશભાઈ વસાવા રહે.ગામ લિમોદરાના વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 26/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### શોભાયાત્રામાં કુલ 21 ગણેશ મંડળોજોડાયાં

# જંબુસર શહેરમાં સાતમા દિવસે શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરાયું



ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર નગરમાં સાત દિવસનું આતિથ્ય માણીયા બાદ સોમવારે વિઘ્નહર્તાની પ્રતિમાનું નાગેશ્વર તળાવમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

જંબુસર નગરમાં નાના મોટા સ્વરૂપની મનમોહક પ્રતિમાનું ઠેર ઠેર ગલીએ ગલીએ સોસાયટીઓમાં અને ઘરોમાં 150 થી 200 પ્રતિમાનું ગણેશ મંડળો દ્વારા વિવિધ આકર્ષક ડેકોરેશન કરી સ્થાપના કરવામાં આવી હતી. દશમના દિવસે ભાગલીવાડ ગણેશ ફળીયા ખાતે મરાઠા સમાજ દ્વારા વિધિવત પૂજા અર્ચના કરી ગણેશજીને ભોગ ધરાવામાં આવે છે. ત્યારબાદ મહા આરતી કરી ફૂલોથી સુશોભિત પાલખીમા બિરાજમાન કરાવી શોભાયાત્રાનો પ્રારંભ કરાવે છે

ગણેશજીની શોભાયાત્રા ઢોળાવ ફળિયા ટોપિક્સ ટેલર પાસે મુસ્લિમ સમાજના આગેવાન નગરપાલિકા વિપક્ષ નેતા સાકીર મલેક ભુરીયા બાપુ અનવર સૈયદ તેમજ ફિરોજ બેન્ડ વાળાએ પુષ્પો ચડાવી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ વિસર્જન શોભાયાત્રા કોટ દરવાજા પાસે આવી પહોંચતા તાલુકા પંચાયતના પ્રમુખ નીતિન પટેલ નગરપાલિકા પ્રમુખ અમીશા વિરેન શાહ કારોબારી અધ્યક્ષ શૈલેષ પટેલ દ્વારા ગણેશજીને પ્રતિમાને ફુલહાર પહેરાવી સ્વાગત કર્યું હતું.

વિસર્જન શોભાયાત્રામાં ગણેશ મંડળ દ્વારા ડીજેના સંગીત ઢોલ નગારા તાલ સાથે ઝુમીને ભક્તિમય વાતાવરણ ઊભું કર્યું હતું ગણપતિ બાપ્પા મોરિયા પૂરચા વરસી લોકરિયા ગગનભેદી નારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. વિસર્જન શોભાયાત્રામાં કુલ 21 ગણેશ મંડળી એ ભાગ લીધો હતો ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ વાતાવરણમાં નગરના મુખ્ય માર્ગો થી નાગેશ્વર તળાવમાં વિસર્જન કરવામાં આવ્યું હતું શાંતિપૂર્ણ વાતાવરણમાં શોભાયાત્રા સંપન્ન થતાં પોલીસ અને વહીવટી તંત્ર રાહતનો શ્વાસ લીધો હતો.

**DATE: 26/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# નવા ટોઠિદરા ગામેથી જુગારી ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા

નવા ટોઠિદરા શાળાની પાછળ ભાલોદ નવી વસાહતમાં રહેતા ગુલામમોહંમદ શેખના ઘરના વાડામાં જુગારનો અડ્ડો ચાલતી હોવાની માહિતી પીએસઆઇ મીરને મળી હતી. જેના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. ઘટના સ્થળેથી મોહંમદરઈશ ઉર્ફે શકીલ પરમાર,અયુબ ગરાસીયા તેમજ ગુલામ શેખને મોબાઈલ, જુગાર રમવાના પત્તાપાના તેમજ રોકડા રૂપિયા મળીને કુલ રૂપિયા 45,620 ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં હતાં.

**DATE: 26/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### રોમિયોથી આખરે કંટાળી મહિલા 181 મહિલા હેલ્પલાઈનમાં મદદ માગી

# અંકલે.માં નોકરી જતી વિધવાનો પીછો કરી 2 યુવાનોએ અભદ્ર માગણી કરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકામાં રહેતી એક મહિલાના પતિ નું અકસ્માતમાં મોત નીપજ્યું હતું. જેથ તે પોતાનું અને બાળકોનું ગુજરાન ચલાવવા કંપનીમાં નોકરી શરૂ કરી હતી. પરંતુ હાલમાં કેટલાક દિવસથી બે બાઈક સવાર યુવાન તેનો પીછો કરી તેને રસ્તામાં રોકી તેનો મોબાઈલ નંબર માંગ્યો હતો. જોકે તેણે મોબાઈલ નંબર આપવાની ના પાડતા તેઓ જતાં રહ્યાં હતાં.ત્યાર બાદ બે-ત્રણ દિવસથી આ યુવાન તેનો પીછો કરી અભદ્ર માંગણી કરતાં હતાં. આ યુવાનોની હરકતોથી તેઓ ડઘાઈ ગયા હતા.તેના મનમાં ડર લાગવા લાગ્યો હતો.જેથી તેણે 181 અભયમ મહિલા હેલ્પલાઈન મા કોલ કરીને મદદ માગી હતી. જેથી બંને યુવાનોને ઝડપી પાડી પોલીસના હવાલે કરાયાં છે.

**DATE: 26/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# પાનોલી ગામેથી દારૂ જપ્ત, બૂટલેગર ફરાર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના પાનોલી વિસ્તારમાં એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતીના આધારે મંદિર ફળીયા માં રહેતા અજય વસાવાના ઘરે દરોડા પાડયાં હતાં પણ પોલીસને જોઈ અજય ફરાર થઈ ગયો હતો. તેના ઘરની તલાશી લેવામાં આવતાં તેમાંથી દારૂ અને બિયર મળી કુલ 46 હજારનો મુદ્દામાલ મળી આવ્યો હતો. બનાવની વધુ તપાસ પાનોલી પોલીસ ચલાવી રહી છે.

**DATE: 27/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### નર્મદા નદીમાં જ વિસર્જન કરીશું કહી બે દિવસ પહેલાં વિરોધ કર્યો હતો

# અંકલેશ્વરમાં ગણેશ મંડળો કૃત્રિમ કુંડમાં વિસર્જન માટે તૈયાર થયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં ગણેશ વિસર્જનને લઇ તંત્ર અને આયોજકો વચ્ચે વિવાદ ચાલી રહયો છે. છેલ્લા 5 વર્ષથી શ્રીજી પ્રતિમાઓનું નર્મદા નદીમાં વિસર્જન બંધ કરી દેવામાં આવ્યું છે ત્યારે ચાલુ વર્ષે ભરૂચ અને અંકલેશ્વરમાં ગણેશ આયોજકો પ્રતિમાઓનું નદીમાં વિસર્જન કરવા દેવામાં આવે તેવી માગ પર મકકમ છે. બે દિવસ પહેલાં અંકલેશ્વરમાં યોજાયેલી બેઠકમાંથી આયોજકો વોકઆઉટ કરી ગયાં હતાં. વિસર્જન અંગે ચાલી રહેલાં વિવાદ વચ્ચે તંત્રએ ચાર કૃત્રિમ કુંડ બનાવી શ્રીજી વિસર્જનની તૈયારીઓ આદરી છે જયારે પોલીસ વિભાગ અને આયોજક વચ્ચે મળેલી બેઠકમાં આયોજકો નદીના બદલે કુંડમાં વિસર્જન કરવા માટે તૈયાર થઇ ગયાં છે.

ગણેશ વિસર્જનના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અંકલેશ્વરમાં હાંસોટ રોડ ઉપર આવેલ પુરુષોત્તમ બાગ સામે આવેલ જગ્યામાં બે કૃત્રિમ તળાવ બનાવવાની કામગીરી શરુ કરી છે. આ ઉપરાંત બોરભાઠા ગામ નજીક કુંડ બનાવવામાં આવશે. જયાં 9 ફૂટ સુધી ની મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે તેમજ અન્ય ત્રણ કુંડમાં નાની મૂર્તિ ઓનું વિસર્જન કરવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. બીજી તરફ ગણેશ યુવક મંડળો નદીમાં જ શ્રીજી વિસર્જન કરાવવાની માગ પર અડગ હોવાથી પોલીસ અધિકારીઓએ આયોજકો સાથે બેઠક યોજી હતી. જેમાં પોલીસ વિભાગ દ્વારા ગત વર્ષે જે લાગણી દુભાઈ હતી તે લાગણી ના દુભાય એ રીતે મંડળના 5 સભ્યોની હાજરીમાં યોગ્ય રીતે વિસર્જનની ખાતરી આપવામાં આવતાં ગણેશ યુવક મંડળો કૃત્રિમ કુંડમાં વિસર્જન માટે સહમત થયાં હતાં.

## વહીવટીતંત્રનો એક પણ અધિકારી કેમ ન આવ્યો

ગત વર્ષે જે પ્રમાણે વિસર્જન બાદ મૂર્તિઓસાથે થયેલવર્તન અને લોકોની ધાર્મિક લાગણી દુભાઈ હતી. તે ચાલુ વર્ષે સારી રીતે ગણેશ વિસર્જન થાય તે માટે પોલીસ વિભાગ એ બાંહેધરી આપી છે. જેને લઇ 4 સ્થળ પર બની રહેલા વિસર્જન કુંડ માં વિસર્જન કરવામાં આવશે. પોલીસ વિભાગ આટલું આગળ આવી સમજાવી શકતા હોય તો વહીવટી તંત્ર કેમ નહિ, તંત્રમાંથી એક પણ અધિકારી આવ્યાં નથી.-પ્રતીક કાયસ્થ, ગણેશ મંડળ આગેવાન

## ચાર સ્થળોએ કૃત્રિમ કુંડ બનાવવામાં આવ્યા છે

નર્મદા નદીમાં જે વિસર્જનની જીદ હતી તે અમારી ખાતરી બાદ પડતી મુકવામાં આવી છે. પુરષોત્તમબાગ સ્થિત બે કુંડ પૈકી એક માં 3 ફૂટ થી નાની અને બીજા માં 6 ફૂટ સુધી ની મૂર્તિ નું વિસર્જન કરશે જયારેજળકુંડ ખાતે 9 ફૂટ સુધી ની મૂર્તિ નું વિસર્જન કરશે. આયોજકોના જે કઇ પ્રશ્નો હતાં તે સાંભળ્યાં છે અને તેના નિરાકરણની દિશામાં પગલાં ભરવામાં આવી રહયાં છે. » ચિરાગ દેસાઈ, ડીવાયએસપી, અંકલેશ્વર

**DATE: 27/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# અંકલેશ્વરમાં શંકાસ્પદ રીતે ડમ્પરનું કટિંગ કરતાં 2 પકડાયા

અંકલેશ્વર, ભરૂચ: ભડકોદરા ગામના સુપર માર્કેટમાંથી શંકાસ્પદ ત્રણ હાઈવા ડમ્પરની બોડી અને પ્લેટફોર્મ, ટાયર મળી 2.59 લાખના મુદ્દામાલ સાથે બે શંકાસ્પદ ઈસમની અટકાયત કરી હતી. અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે ભડકોદરા ગામના સુપર માર્કેટમાંથી શંકાસ્પદ ત્રણ હાઈવા ડમ્પરની બોડી અને પ્લેટફોર્મ, ટાયર મળી 2.59 લાખના મુદ્દામાલ સાથે બે શંકાસ્પદ ઈસમોની અટકાયત કરી હતી. અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો. એ દરમિયાન બાતમી મળી હતી કે, ભડકોદરા ગામના સુપર માર્કેટમાં પ્લોટ નંબર-59માં શંકાસ્પદ હાઈવા ડમ્પરની બોડી કટિંગ કરેલી હાલતમાં પડી છે. આ બાતમીના આધારે પોલીસે બાતમીવાળી જગ્યાએ દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી ત્રણ હાઇવા ડમ્પરની બોડી, પ્લેટફોર્મ અને લોખંડના ટુકડા તેમજ 6 નંગ ટાયર મળી કુલ 2.59 લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે ઇકરા સ્કૂલની બાજુમાં આવેલી સાઇન પાર્ક સોસાયટીમાં રહેતો ઇકબાલ અહમદ પુત્તન શાહ અને ઇબાદુલ્લાખાન મોહમદ યાકુબખાનને હાઇવા ડમ્પરની બોડી અંગે દસ્તાવેજો માંગતાં બંને ઇસમે સંતોષકારક જવાબ નહીં આપતાં પોલીસે બંનેની શંકાસ્પદ હાલતમાં અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# તવડી પાસે વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

ઝઘડિયા: ભરૂચ LCB ટીમ ઉમલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલિંગમાં હતી. ત્યારે રાજપીપળા તરફથી બે ઇસમ નંબર વગરની મોપેડ ઉપર ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લઇ તવડી ગામ તરફ આવે છે એવી બાતમી મળી હતી. આથી વોચ ગોઠવી થેલામાં ભરેલો રૂ.૨૭,૯૦૦નો દારૂ, મોપેડ કિં. રૂ.૨૫,૦૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૨ કિં.રૂ.૭,૦૦૦ મળી કુલ રૂ.૫૯,૯૦૦ના મુદ્દામાલ સાથે આરોપી અંકિત રાજેશ વસાવા (રહે.,વિરપોર ઉપલું ફળિયું, તા.નાંદોદ) તથા કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોરને પકડી લીધો હતો. તો કરણ વસાવા (રહે.,રાજપીપળા, ટેકરા ફળિયું)ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 27/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઉટીયાદરા ગામેથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીએ અંકલેશ્વરના ઉટીયાદરા ગામના અજય વસાવાએ કેનાલ પાસે સંતાડેલો દારૂનો જથ્થો ઝડપી પાડયો છે. પોલીસના દરોડા દરમિયાન બુટલેગર ફરાર થઈ ગયો હતો પરંતુ કેનાલ નજીક સંતાડેલો 1.71 લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી ફરાર બુટલેગરને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

**DATE: 27/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## 3 લાખના કેમિકલ સહિત કુલ 3.22 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# અંકલેશ્વરમાં પરવાનગી વિના ડુપ્લિકેટ ટાટા યુરિયાનું વેચાણ કરતાં 5 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં ટાટા યુરિયાના નામે અન્ય કેમિકલનો વેપલો કરી રહેલાં 5 ઇસમોને પોલીસે ઝડપી પાડયાં છે. તેમની પાસેથી 3 લાખ રુપિયાના કેમિકલ સહિત 3.22 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે લેવાયો છે.

અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર 8 પર આવેલ પરિવાર હોટલ અને તાપી હોટલ પાસે ટાટા ડેફ યુરિયાકંપની નું બોર્ડ લગાવી અન્ય યુરિયા લીક્વીડ વેચાણ કરાઈ રહ્યું હોવાની કંપની ઓથોરાઈઝ એજન્સી ના કોપી રાઈટ અધિકારીને જાણ થતા પોલીસની મદદથી તાપી લોજ પાસે, પરિવાર હોટલ અને પલ્સ હોટલ કમ્પાઉન્ડમાં તપાસ કરતા 3 સ્થળે કંપનીના નામ નો મંજૂરી વગર ઉપયોગ કરી તેના નામે અન્ય પ્રોડક્ટ વેચાણ થઇ રહી હોવાનું સામે આવ્યું હતું. પ્લાસ્ટિક ટાંકી પર કંપનીના બોર્ડ લગાવી કંપની મંજૂરીવગર વેચાણ કરાઈ રહ્યું હતું. જે આધારે સ્થળ પર થી6000 લિટર યુરિયા મિક્સકરેલ પ્રવાહી કિંમત રૂપિયા 3 લાખ તેમજ ઈલેટ્રીકલ મીટર 2 કિંમતરૂપિયા 10 હજાર ઉપરાંત ત્રણ પંપ અને 8 સાઈન બોર્ડ કિંમત રૂપિયા 12.000 મળી કુલ 3,22 લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઈમરાન અહમદ અસલમ ખાન, વિકાસ શોભારામમોરે, અમિત મગન મોરે, સમીમ ચૌધરી અને અબ્દુલ વહાબ ખાન વિરુદ્ધ કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

**DATE: 28/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કંપનીમાંથી કેમિકલ વેસ્ટ વાપી ખાતે ગેરકાયદે નિકાલ માટે મોકલવાનું કરતૂત

# અંકલેશ્વરની સૂર્યા લાઈફ સાયન્સ કંપનીના એમડી સહિત 3 આરોપી સામે ગુનો નોંધાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગત 9 સપ્ટેમ્બર ના રોજ ભરૂચ એસ.ઓ.જી પી.આઈ. આનંદ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે હાઈવે પર આવેલી ચાચા હોટલ પાસેથી શંકાસ્પદ હાલતમાં ટ્રકને ઝડપી પાડી હતી. ટ્રકની તલાશી લેવામાં આવતાં તેમાંથી પ્લાસ્ટિક બેગ માં પ્રવાહી જથ્થો મળી આવ્યો હતો. જે રસાયણ શું છે તે જાણવા જીપીસીબીને જાણ કરતા ટીમ સ્થળ પર દોડી આવી હતી. અને પ્રાથમિક આ કેમિકલ વેસ્ટ પ્રવાહી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે વધુ તપાસના ભાગરૂપે નમૂના એફએસએલમાં મોકલ્યાં હતાં અને ટ્રક અને કેમિકલ મળી 9.60 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.ટ્રક ચાલક નાગેન્દ્ર લખીચંદ યાદવની અટક કરી વધુ પૂછપરછ આદરી હતી. જેમાંકેમિકલ વેસ્ટ અંકલેશ્વરની સૂર્યા લાઈફ સાયન્સ કંપનીમાંથી 92 જેટલા બેરલમાં ભરીને વાપી ખાતે ગેરકાયદે રીતે નિકાલ માટે મોકલવામાં આવતું હોવાનું બહાર આવ્યું હતું. જોખમી કેમિકલ વેસ્ટના બારોબાર ગેરકાયદે નિકાલ બદલ કંપની એમ.ડી. યશ અરૂણ જોષી, પ્લાન્ટ હેડ રમેશચંદ્ર અમરનાથ દુબે, આકાશ ટ્રાન્સપોર્ટ માલિક અને ટ્રક ડ્રાઈવર નાગેન્દ્ર લખી ચંદ યાદવ સામે પાનોલી પોલીસ મથકે પર્યાવરણ, જીવસૃષ્ટિને જોખમમાં મુકવા બદલ ગુનો દાખલ કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેમિકલ વેસ્ટના જાહેરમાં નિકાલની ફરિયાદો બાદ પોલીસ વિભાગ સતર્ક બન્યું છે.

**DATE: 28/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### વિસર્જનના ટાણે કોઇ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તેવું આયોજન

# ભરૂચ જિલ્લામાં ગણેશ વિસર્જન માટે પોલીસનો ચાંપતો બંદોબસ્ત તૈનાત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં ગણેશ વિસર્જનને લઈને જિલ્લા પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો છે. ભરૂચ પંથકમાં ગણેશ વિસર્જનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વિવિધ મંડળો દ્વારા ગણેશની ઉપાસનાઓ કરવામાં આવી રહી છે. આગામી 28મી સપ્ટે.ના રોજ ગણેશ વિસર્જન હોઇ ભરૂચ અને અંકલેશ્વર શહેર સહિત જિલ્લામાં ગણેશ વિસર્જનની તૈયારીઓમાં ગણેશભક્તો જોતરાઇ ગયાં છે. વિસર્જનના ટાણે કોઇ પણ પ્રકારનો અનિચ્છનિય બનાવ ન બને અને ગણેશ વિસર્જનનો પર્વ ઉજવાય તે માટે પોલીસે બંદોબસ્ત ખડકી દેવાની કવાયત હાથ ધરી છે. ગણેશ વિસર્જન માટે ભરૂચ - અંકલેશ્વરમાં 6 ડિવાયએસપી, 30 ઇન્સ્પેક્ટર, 60 પોસઇ, તેમજ 1200 હેડ કોન્સ્ટેબલ - કોન્સ્ટેબલ તથા એસઆરપીની 2 કંપની અને 2065 હોમગાર્ડ, ગ્રામ રક્ષકદળ સહિતનો પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત રહેશે.

## વીડિયો શૂટિંગ પણ કરાશે

વિસર્જનનાદિવસ માટે ભરૂચની સ્થાનિક પોલીસ સહિત બહારથી પણ પોલીસ કાફલો બોલાવામાં આવ્યો છે. જેમાં બે એસઆરપી કંપનીઓનો પણ સમાવેશ કરાયો છે. ધાબા પોઇન્ટ, સંવેદનશીલ વિસ્તારો, ચોકડીઓ તેમજ વિસર્જનના રૂટ ઉપર પણ સતત પોલીસ બંદોબસ્ત રહેશે. પોલીસ દ્વારા અલગ અલગ સ્થળે વિડિયોગ્રાફી પણ કરવામાં આવશે. જેને પગલે કોઇ અનિચ્છનિય બનાવને અંજામ આપવામાં આવે તો પોલીસ દ્વારા કસુરવારોની ઓળખ થઇ શકે.

**DATE: 28/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આખો દિવસ નશો કરી હેરાન કરતો હોવાથી 181ની મદદ લેવાઇ

# પતિએ નશાની હાલતમાં પત્નીનું ગળું દબાવી હત્યાનો પ્રયાસ કર્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાનાં નજીક ના વિસ્તારમાં રહેતી એક મહિલાએ જણાયું હતું કે તેમનો પતિ તેમના ભાઈબંધો ને ઘરે બોલાવી આખો દિવસ નશો કરે છે. અને તેમને પીવાની ના કહેતા તેઓ મહિલાને અપશબ્દો બોલી મારઝુડ કરતો તેમનં બે બાળકો છે. તેઓ ટીચરમાં નોકરી કરી પોતાનું જીવન ગુજારી રહ્યા છે. પણ તેમનો પતિ કોઈ કામધંધો કરતો ન હતો.અને પીવા માટે અન્ય વ્યક્તિ પાસેથી પૈસા લાવી નશો કરતો હતો. મહિલા પર પીવા માટે પૈસા માગતો મહિલા પૈસા આપવાની ના કહેતા તેમને અપશબ્દો બોલતો અને ગળું ડાબી મારી નાખવાની કોશિશ કરતો અને ધમકી આપતો જેથી મહિલાએ ભરૂચ અભયમ ટીમની મદદ માગતા,અભયમ ટીમ તાત્કાલીક ઘટના સ્થળ પર પહોંચી પિડીત મહિલા સાથે વાતચીત કરી તેમના પતિ નું કાઉન્સિલિંગ કર્યું હતું. પણ તેઓ નશાની હાલતમાં હોવાથી સમજી શકે તેમ ન હતા.તેથી મહિલાને કાયદાકિય માહીતી આપી પોતાના બચાવ માટે નજીક ના પોલીસ સ્ટેશનમાં અરજી અપાવવામાં આવી હતી.

**DATE: 29/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# કોસમડીમાં મહાકાળી સર્વિસ સ્ટેશન પાસેથી કારમાંથી દારૂ મળ્યો

અંકલેશ્વરઃ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે બાતમી મળી હતી કે, કાર નં.(જી.જે.06. પી.એ.2282)માં પરેશ બોરશે કોસમડીના પદ્માવતી કોમ્પ્લેક્સ સામે મહાકાળી સર્વિસ સ્ટેશન પાસે વિદેશી દારૂનું વેચાણ કરે છે. આથી પોલીસે દારૂ અને કાર કબજે કરી હતી અને બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 29/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### મુસ્લિમ સમુદાયે પરંપરાગત પર્વની ઉજવણી કરી

# પાલેજમાં હિંદુ સમાજે ઈદે મિલાદના જુલૂસનું પુષ્પવર્ષાથી સ્વાગત કર્યું

ભાસ્કર ન્યૂઝ | પાલેજ

ભરૂચ જિલ્લાના પાલેજ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં શાંતિપૂર્ણ માહોલમાં ઈદે મિલાદના જુલુસ નીકળ્યાં હતાં. પાલેજ બજારમાં હિન્દૂ ભાઈઓએ જુલુસ પર પુષ્પવર્ષા કરી સ્વાગત કર્યું હતું. જુલુસ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે પીઆઈ શિલ્પા દેસાઈના માર્ગદર્શન હેઠળ ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવાયો હતો.પાલેજ પંચાયતનાં ઉપ સરપંચ શબ્બીર પઠાણ સહિત ઘનશ્યામ પટેલ,રસિક પટેલ, ભાવેશ શાહ, ભાવેશ ટેલર,નવીન ચૌહાણ અને વિજય ઠાકોર સહિત અગ્રણીઓએ જુલુસનું ફૂલ વધાવી સ્વાગત કરી કોમી એકતા ભાઈચારાની મિશાલ પગટાવી હતી. બજાર સહિત ચિસ્તીયા કમ્પાઉન્ડમાં \'સરકાર કી આમદ મરહબા\' ના અવાજથી ગુંજી ઉઠ્યું હતું.પીરઝાદા હજરત સલીમુદ્દીન ચિસ્તી, પીરઝાદા હજરત મતાઉદ્દીન ચિસ્તી, પીરઝાદા હજરત મોઇનઉદ્દીન ચિસ્તી સહિત પીરઝાદા ફરીદુદિન ચિસ્તીની ઉપસ્થિતિમાં હજરત સૈયદ મોટામિયાં બાવાનાં અસ્તના કમ્પાઉન્ડ માં પોગ્રામ નું સમાપન કરવામાં આવ્યું હતું.

**DATE: 29/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-01**

### ગણપતિ બાપ્પા મોરિયા, પુઢચ્યા વર્ષી લવકરયા

# ઝઘડિયામાં શાંતિપૂર્ણ રીતે શ્રીજીનું પો.બંદોબસ્ત સાથે વિસર્જન કરાયું

## તાલુકામાંથી ૩૦૦થી વધુ શ્રીજી પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું

| ઝઘડિયા |

ઝઘડિયા ગામે દસ દિવસનું આતિથ્ય માણ્યા બાદ વાગતે ગાજતે શ્રીજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. બેન્ડ વાજા અને ડીજેના તાલે યુવાધન હિલ્લોડે ચઢ્યું હતું. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે સમચ પંથકમાં ભક્તિમય વાતાવરણમાં અને શાંતિપૂર્ણ માહોલમાં દુંડાળા દેવને વિદાય આપવામાં આવી હતી.

ઝઘડિયા ગામે આજે સવારના સમયથી જ ભક્તિમય વાતાવરણ વચ્ચે માં પાર્વતિના પ્યારા ભાલચંદ્ર એવા ગણેશજીને ભાવ વિભોર થઈ લોકોએ વિદાય આપી હતી. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે



શાંતિપૂર્ણ માહોલમાં શ્રીજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. પવિત્ર માં નર્મદાજીના ખોળામાં સમગ્ર તાલુકામાંથી ૩૦૦ થી વધુ શ્રીજી પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ભરૂચ અને અંકલેશ્વરમાં પીઓપીના બનેલા શ્રીજીના વિસર્જન માટે કૃત્રિમ જળાશયોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ અલગ અલગ ગણેશ મંડળ દ્વારા શ્રીજીને આખરી શણગાર કરી ગણપતિ બાપ્પા મોરિયા, પુઢચ્યા વર્ષી લવકરીયા... ના નાદ સાથે ગણપતિ બાપ્પાને વિદાય આપવામાં આવી હતી.

**DATE: 29/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**



# શ્રીજી સવારીઓનો દબદબો, વિઘ્નહર્તાનું નિર્વિઘ્ને વિસર્જન

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ, અંકલેશ્વર, રાજપીપળા

ગુરુવારે અનંત ચૌદશના દિવસે વિઘ્નહર્તાએ વિના વિઘ્ને વિદાય લીધી હતી. બંને જિલ્લાઓમાં નાની અને મોટી મળી 10 હજાર કરતાં વધારે શ્રીજી પ્રતિમાઓનું સ્થાપન કરવામાં આવ્યું હતું. 10 દિવસ સુધી ભક્તિભાવ સુધી શ્રીજીનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. સવારથી જ ગણેશ મંડળો ખાતે ઢોલ નગારાના તાલથી વાતાવરણ ગુંજવા લાગ્યું હતું. વિવિધ સોસાયટીઓ અને શેરીઓમાંથી વાજતે ગાજતે નીકળેલી શ્રીજી સવારીઓએ આકર્ષણ જમાવ્યું હતું. ભરૂચ શહેરમાં વર્ષોથી સોનેરી મહેલથી ચકલા, દાંડિયાબજાર, ફુરજા અને ઝાડેશ્વર ચોકડી થઈને નિલકંઠેશ્વર મહાદેવ મંદિરનો રૂટ હતો પણ છેલ્લા પાંચ વર્ષથી નિલકંઠેશ્વર ખાતે વિસર્જન બંધ કરી દેવાયું છે અને ત્રણ સ્થળે બનેલાં કૃત્રિમ કુંડમાં વિસર્જન કરવામાં આવે છે તેથી શ્રીજી વિસર્જનનો રૂટ બદલાયો છે. પર્યાવરણના જતન માટે હવે લોકો પણ કૃત્રિમ કુંડમાં વિસર્જનને પ્રાધાન્ય આપે છે. અંકલેશ્વરમાં પણ 4 સ્થળોએ કૃત્રિમ કુંડ બનાવવામાં આવ્યાં હતાં અને ત્યાં જ પ્રતિમાઓનું વિસર્જન કરાયું હતું. ભરૂચમાં 5 ફૂટ કરતાં વધારે ઉંચાઈ ધરાવતી પ્રતિમાઓનું ભાડભૂત ખાતે વિસર્જન કરાયું હતું. રાજપીપળામાં શહેરમાં 150 થી વધુ નાની મોટી મૂર્તિઓનું વિસર્જન કરજણ નદીમાં કરવામાં આવ્યું એવી જ રીતે કેવડીયા વિસ્તારમાં નર્મદા નદી ધમાનાની ખાડી સહિત તિલકવાડા વિસ્તારમાં પણ નર્મદા નદી, દેડીયાપાડા, સાગબારા વિસ્તારમાં પણ બે ડેમો ના રિઝર્વ પાણી અથવા દેવ નદી જ્યાં પાણી ની સગવડ જોવા મળી ત્યાં વાજતે ગાજતે ગણપતિ દાદાનું વિસર્જન કરાયું હતું.

## કોમી એકતા અને એખલાસનો માહોલ જોવા મળ્યો

ગણેશ વિસર્જન અને ઈદે મિલાદના તહેવારનો સુભગ સમન્વય જોવા મળ્યો હતો. કેટલાય સ્થળોએ મુસ્લિમ બિરાદરોએ વિસર્જનને ધ્યાનમાં રાખી ઈદે મિલાદના જુલુસ કાઢ્યાં હતાં. ભરૂચ અને અંકલેશ્વરમાં મુસ્લિમ બિરાદરોએ શ્રીજીની સવારીઓ પર પુષ્પવર્ષા કરી હતી. જિલ્લાભરમાં કોમી એકતા અને એખલાસનો માહોલ વર્તાયો હતો.

## નદી કિનારેથી ભકતોને પોલીસે પાછા વાળ્યાં

નર્મદા નદીમાં વિસર્જન કરવા માટે અંકલેશ્વર તરફના કોઈ શ્રધ્ધાળુઓ રીક્શા તેમજ અન્ય નાના વાહનોમાં પહોંચ્યાં હતાં. પણ ગોલ્ડન બ્રિજ તેમજ દીવા રોડ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી બેરીકેટ લગાવી દેવામાં આવ્યા હતા. અને નર્મદા તરફ વિસર્જન માટે આવતા શ્રીજી ભક્તોને પરત વિસર્જન કુંડ તરફ વાળ્યા હતા.

## 10 હજાર કરતાં વધારે પ્રતિમાઓનું વિસર્જન

નર્મદા નદીને દૂષિત થતી રોકવા તથા પ્લાસ્ટર ઓફ પેરિસથી જળચરોને થતું નુકસાન અટકાવવા માટે નદીના બદલે કૃત્રિમ કુંડમાં વિસર્જનની પરંપરા ચાલુ કરવામાં આવી છે. ભરૂચ અને અંકલેશ્વરમાં બનેલાં કૃત્રિમ કુંડમાં નાની અને મોટી મળી 10 હજાર જેટલી પ્રતિમાઓને પધરાવવામાં આવી હતી.

**DATE: 29/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 1.75 લાખના પ્લાસ્ટિકના દાણાની ઉઠાંતરી નાસ્યાં હતાં

# ભડકોદ્રા ગામે ગોડાઉનમાં ચોરી કરનારા 4 આરોપી પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગત 26મીની રાત્રીના અંકલેશ્વરના ભડકોદ્રા ગામ ખાતે આવેલ સુપર માર્કેટમાં વિજય લાદુમલ શાહની મહાલક્ષ્મી ટ્રેડર્સ નામના ગોડાઉનમાંથી 50 જેટલી પ્લાસ્ટિકબેગોમાં ભરેલા પ્લાસ્ટિક દાણા અને ચિપ્સ ગ્રાઈન્ડીંગ મટીરીયલની ચોરીની ઘટના બની હતી. પોલીસે 1.75 લાખના મુદ્દામાલની ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે પ્રાથમિક ટેક્નિકલ ટીમનીમદદથી માર્ગ પરના સીસીટીવી ફૂટેજ મેળવ્યાહતા અને તેના પરથી મળેલી કડીથી

ભડકોદ્રાની ગ્રીન સોસાયટીમાં રહેતા ઈમરાન અકબર ચૌધરી અને ચૌધરી ઈકબાલ ઉર્ફે અકબાલજાતેવની ધરપકડ કરી હતી તેની પૂછપરછ માં અન્ય નામો સામે આવ્યા હતાં. જે આધારે પોલીસે કાપોદ્રા પાટિયા ખાતે આવેલ સનવેલી સોસાયટીમાં રહેતા ચૌધરી ઈરફાન ઈજહાર અને કિમ ચોકડી ખાતે રહેતા સદ્દામ હુસૈન ખાન ઉમરઅલી જાતેવની ધરપકડ કરી હતી. પોલીસ ગોડાઉન માંથી ચોરાયેલી 50 બેગ માંથી 48 બેગ રિકવર કરી હતી. પોલીસે ચારેય ની પૂછપરછ શરુ કરી હતી તેમજ ચોરીનો બાકી રહેલ મુદ્દામાલ રિકવર કરવા તેમજ ચોરી માં અન્ય કોઈ ની સંડોવણી છે કે કેમ તે અંગે તપાસ આદરી છે.

**DATE: 29/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### મસ્જિદો અને શેરીઓને રોશનીથી શણગારવામાં આવ્યાં, બાઇક રેલીનુ આયોજન

# જંબુસરમાં ઈદે મિલાદ નિમિત્તે જુલૂસ

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર શહેરમાં ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મોહંમદ મુસ્તુફાના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.. ડીવાયએસપી પી.એલ.ચૌધરીના હસ્તે બાઈક રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ઝોહરની નમાઝ બાદ જુમ્મા મસ્જિદથી જુલુસ કાઢવામાં આવ્યુ હતું કપાસીયાપૂરા,ઘાંચીવાડ , કોટ બારણા, માઈનો લીમડો, તલાવપુરા અને ગંજ શહીદ દાદાના મજાર પર પહોંચ્યું હતું. સવારે 10 કલાકે બાઈક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું તદ્ ઉપરાંત સવારના સમયે શહેરની કેટલીક મસ્જિદોમાં સલાતો સલામ તેમજ દુવાઓ કરવામાં આવી હતી ત્યારબાદ દરેક મદ્રેસાઓના નાના છોકરાઓનું જુલુસ શેરીઓમાં કાઢવામાં આવ્યું હતું ત્યારપછી જુલુસ ગંજ શહીદ ના મજાર પર પહોંચી ફાતીહાખાની કરવામાં આવી હતી રબ્બીઉલ અવ્વલના



પહેલા ચાંદથી 12 દિવસ સુધી જુદી જુદી મસ્જિદોમાં દરદપાક ની મહેફીલ દુરદો સલામ.ખત્મે કુરાન તકરીરી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જન્મદિવસની ઉજવણીની તૈયારીઓ રૂપે નગરમાં શેરીઓ રોશનીથી ઝગમગી ઊઠ્યાં હતાં

**DATE: 29/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ડભોઇ-ગાંધીનગરથી બે જણાને ભરૂચ એલસીબીએ ઝડપી પાડ્યાં

# ગ્લેનમાર્ક કંપનીમાંથી પેલેડિયમ પાઉડર ચોરી કરનારા 3 ઝડપાયા

### આરોપીઓ પાસેથી કુલ રૂ. 17.21 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ નજીક લખીગામ ખાતે આવેલાં ગ્લેનમાર્ક લાઇફ સાયન્સિસ કંપનીના વેરહાઉસમાંથી 67.39 લાખની મત્તાનો પેલેડિયમ ડ્રાય પાઉડરની ચોરી થઇ હતી. જેમાં સીસીટીવી ફૂટેજમાં 3 શખ્સો ચોરી કરવા કંપનીના કંપાઉન્ડમાં કૂદીને આવ્યાં હોવાનું માલૂમ પડ્યું હતું.

ઘટનાને પગલે દહેજ મરીન પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. દરમિયાનમાં દહેજ મરીન પોલીસ સહિત ભરૂચ એલસીબીની ટીમ પણ આરોપીઓના પગેરૂ શોધવામાં જોતરાઇ ગયાં હતાં. અરસામાં એલસીબીના પીએસઆઇ પી. એમ. વાળા અને તેમની ટીમને જાણ થઇ હતી કે, ચોરીના કારસામાં જયદેવ પટેલ, મયુર ઉર્ફે પુષ્પાભાઇ તેમજ અટાલીનો મોન્ટુ સંડોવાયેલો છે. જેના આધારે તેમણે તેઓને શોધવાની કવાયત શરૂ કરતાં મયુર ઉર્ફે પુષ્પાભાઇ ડભોઇ તાલુકાના કનયડા ગામેથી ઝડપી પાડ્યો હતો. તેણે ચોરીમાં મયુર ઉર્ફે મોન્ટુ તેમજ જયદેવ પટેલની પણ સંડોવણી હોવાની કબૂલાત કરતાં ટીમે અટાલીથી મયુર ઉર્ફે મોન્ટુ તેમજ ગાંધીનગરથી જયદેવ પટેલને ઝડપી પાડ્યો હતો.

પોલીસે ત્રણેય પાસેથી રોકડા 15 લાખ, એક બાઇક, બુલેટ તેમજ બે મોબાઇલ સહિત 17.21 લાખની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેમજ ચોરીના મામલામાં અન્ય કોણ કોણ સંડોવાયેલાં છે તેની વિગતો મેળવવા તેમજ ફરાર આરોપીઓને ઝડપી પાડવા તથા તેમણે અન્ય કોઇ ગુનાને અંજામ આપ્યો છે કે કેમ તેની વિગતો મેળવવા માટે તેમના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.



### ચોરીનો માલ કોને વેચ્યો તેની શોધખોળ

ગ્લેનમાર્ક કંપનીના વેરહાઉસમાંથી ચોરી કર્યાં બાદ ગઠિયાઓએ 67.39 લાખની મત્તાનું પેલેડિયમ ડ્રાય પાઉડર એક હિન્દીભાષી શખ્સને વેચી દીધો હોવાનું તેમણે કબૂલ્યું હતું. જેના પગલે પોલીસે ચોરીનો સામાન ખરીદી કરનારા વેપારીને શોધવા માટેના પણ ચક્રો ગતિમાન કર્યાં છે.

### કંપનીના જ કર્મચારીની સંડોવણી

ભરૂચ એલસીબી તેમજ દહેજ મરીન પોલીસની ટીમે ઝડપી પાડેલાં ત્રણેય આરોપીઓ પૈકી જયદેવ પટેલને કંપનીમાંથી જાણ થઇ હતી કે, વેરહાઉસમાં કિંમતી પાઉડરના ડ્રમ ભરેલાં છે. જેમાં કંપનીના જશવંત રઘુવંશી નામના એક તેમને મદદ કરી હતી. તેમજ ચોરીના કારસાને અંજામ આપવામાં સુમિત તેમજ સરદાર નામના અન્ય બે સગારિતો પણ જોડાયાં હતાં.

### આરોપીઓનો ગુનાઇત ઇતિહાસ

મયુર ઉર્ફે પુષ્પાભાઇ રાઠોડ વાઘોડિયા પોલીસસ્ટેશનમાં આર આર કેબલ કંપનીમાંથી કેબલ ચોરીના કેસમાં ઝડપાયો હતો. મયુર ઉર્ફે મોન્ટુ રોહિત દહેજ પોલીસ સ્ટેશનમાં વર્ષ 2019માં પ્રોહિબિશનના ગુનામાં ઝડપાયો હતો. જ્યારે જયદેવ પટેલ દહેજની મેઘમણી કંપનીના એલએમપી યુનિટમાંથી રો-મટિરિયલની ચોરીમાં ઝડપાયો હતો.

**DATE: 30/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## અંકલેશ્વરમાં 3 સ્થળે પોલીસની કાર્યવાહી

# બાઈકમાં ચોરખાનું બનાવી દારૂની ખેપ મારવાનું કૌભાંડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસેકુખ્યાત બુટલેગર ઈમરાન ઉર્ફે મરઘી દીવાનને ચૌટાનાકા પાસે એક્ટીવા પર દારૂની ખેપ મારી ગાયત્રી નગરના અંકુર મોદીને આપતા જતા પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી દારૂની 242 નંગ બોટલ કબજે લીધાં હતાં. બુટલેગરને દારૂ આપનાર વલસાડના હર્ષદ તથા દારુ મંગાવનારા અંકુરને ફરાર જાહેર કરી તેમને ઝડપી પાડવા કવાયત હાથ ધરવામાં આવી છે. તો બીજી તરફ ચાણક્ય સ્કૂલ રોડ પર થી શ્રીજી દર્શન સોસાયટી માં રહેતા મયુર ગુલાબરાવ મોરેને રોકયો હતો. તેની બાઈકની તલાશી લેતાં તેમાં પેટ્રોલ ટાંકીની નીચે બનાવેલું ચોરખાનું મળી આવ્યું હતું. જેમાં તેણે દારૂની 21 બોટલ સંતાડી હતી. છે. મંગલમ સોસાયટીમાં ચિરાગ મોદીની દુકાનમાંથી પણ દારૂની 8 બોટલ કબજે લેવામાં આવી છે.

**DATE: 30/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પીકઅપના ડ્રાઇવર અને ક્લીનરની અટકાયત કરાઇ

# ઝઘડિયામાં ગેરકાયદે વહન કરાતાં ચાર ગૌવંશને પોલીસે બચાવ્યાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા પોલીસે ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી પીકઅપ વાનમાં ગેરકાયદે રીતે વહન કરતાં ગૌવંશને બચાવી બે આરોપી સામે ગુનો નોંધ્યો છે.

ગતરોજ પૃથ્વીરાજસિંહ, અમિત અને આશિષ નામના ગૌરક્ષક સમિતિના સભ્યોએ ઝઘડિયા પોલીસને બાતમી આપી હતી કે રાજપારડી થી ઝઘડિયા તરફ એક પીક અપ ગાડીમાં ગાય તથા નાના વાછરડા કતલ કરવાના ઈરાદે ભરીને આવે છે તેથી પોલીસે વોચ ગોઠવી હતી. બાતમી મુજબની ગાડી આવતાં તેને રોકી તલાશી લેવામાં આવી હતી. તેમાંથી બે ગાય અને બે વાછરડા મળી આવ્યાં હતાં. પોલીસે ચાલકનું નામ પૂછતા તેણે જીગ્નેશ ચૌધરી ( રહે. માંડવી સુરત ) જણાવેલું તથા તેની સાથેની સીટ પર બેસેલનું નામ પૂછતા તેણે રહેમાન આચાર સિંધી ( રહે. માંડવી સુરત )ના હોવાનું જણાવેલ હતું. પશુઓના વહન સંદર્ભમાં કોઈ પુરાવા નહિ હોવાથી બંને આરોપી સામે ગુનો નોંધી કુલ 3.50 લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 30/09/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

મુસ્લિમ બિરાદરો દ્વારા ઠેર ઠેર જુલૂસનું આયોજન કરાયું

# ભરૂચમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદેમિલાદ પર્વની ઉજવણી કરાઈ

## સરકાર કી આમદ મરહબા અને દિલદાર કી આમદ મરહબાના નારા ગુંજી ઉઠ્યા



। ભરૂચ ।

મુસ્લિમ બિરાદરો દ્વારા ભરૂચ નગર અને આસપાસના વિસ્તારોમાં ખુબ ઉત્સાહ અને ઉમંગભેર ઈદેમિલાદ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગતરોજ તા.૨૮ સપ્ટેમ્બરના રોજ ઈદેમિલાદ પર્વ હતો પરંતુ શ્રીજી વિસર્જનનો પણ પર્વ હોવાના પગલે ભરૂચ પંથકના મુસ્લિમ બિરાદરોએ મોટુ મન રાખી બીજા દિવસે એટલે આજે તા.૨૯ સપ્ટેમ્બરના રોજ ઈદેમિલાદ પર્વની ઉજવણી કરી હતી. મુસ્લિમ બિરાદરોએ એકબીજાના ઈદમુબારક પાઠવ્યા હતા એટલુ જ નહી પરંતુ અન્ય જ્ઞાતિના લોકોએ પણ મુસ્લિમ બિરાદરોએ ઈદેમિલાદની શુભકામના પાઠવી હતી.

સરકાર કી આમદ મરહબા અને દિલદાર કી આમદ મરહબાના ગગનભેદી નારાથી વાતાવરણ ગુંજી ઉઠયુ હતુ. ભરૂચ નગર અને આસપાસના વિસ્તારોમાં આજરોજ મુસ્લિમ બિરાદરોએ ઈદેમિલાદ પર્વની ઉજવણી ખુબ ઉત્સાહપુર્વક કરી હતી. હઝરત મોહંમદ પયગમ્બર સાહેબના જન્મદિવસ નિમિત્તે ભરૂચ પંથકની વિવિધ મસ્જીદોમાં હઝરત મોહમદ સાહેબની શાનમાં સલાતોસલામ પેશ કરવામાં આવ્યા હતા. ઈદેમિલાદ નિમિત્તે ભરૂચ પંથકમાં ઠેર ઠેર ઝૂલુસોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જંબુસર બાયપાસ ચોકડીથી મહંમદપુરા, કોઠી, કતોપોર, ફુરજા, ભઠીયારવાડ, સોનેરી મહેલ તેમજ અન્ય વિસ્તારોમાંથી મુસ્લિમ બિરાદરોએ ઝુલુસનું આયોજન કર્યુ હતુ.

સમગ્ર વિસ્તારોમાં ખુબ શાંતિભર્યા વાતાવરણમાં ઝૂલુસનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

**DATE: 01/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ઝાડેશ્વરના કોઠી ફળિયામાં ઘટના બની, સી ડિવિઝન પોલીસે 5 હુમલાખોરોની ધરપકડ કરી

# બાળકી સાથે દુષ્કર્મ કર્યાની શંકાએ વૃદ્ધની હત્યા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર ગામે કોઠી ફળિયામાં રહેતાં વૃદ્ધ પર 10 વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હોવાની શંકા રાખી પાંચ જણાએ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલિક ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં વૃદ્ધનું મોત નીપજતાં ભરૂચ સી ડિવિઝન પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડ્યાં છે.

ઝાડેશ્વરના દુબઇ ટેકરી પાછળ સાંઇવાડી સોસાયટીમાં રહેતાં જીતુ ઓમપ્રકાશ નિસાદ તેમજ તેના પિતા ફ્રૂટની લારી ચલાવે છે. તેના પિતાને બજારમાંથી ફ્રૂટ નહીં મળતાં તે ઘરે હતાં. જ્યારે જીતુ તેની લારી લઈને ઝાડેશ્વર ગામમાં ફ્રૂટ વેચવા માટે ગયો હતો. બપોરે તે ઘરે પરત આવતાં તેના પિતા ઘરે હાજર ન હતાં. દરમિયાનમાં તેના પાડોશમાં રહેતાં ગોરેલાલે તેને જણાવ્યું હતું કે, તારા પિતા કોઠી ફળિયામાં ગંભીર રીતે લોહીલૂહાણ હાલતમાં પડેલાં છે. જેથી તે તુરંત ત્યાં પહોંચ્યો હતો. જ્યાં તેના પિતાને ગંભીર ઈજાઓ થઇ હોઇ તેને 108ની મદદથી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

રસ્તામાં તેના પિતાએ તેને જણાવ્યું હતું કે, ચાવજ ગામનો સરફરાજ ઉર્ફે સફુ કે જે દુબઇ ટેકરી ખાતે વાળ કાપવાની દુકાન ચલાવે છે તે અને બીજા ચાર-પાંચ જણાએ તેમને લાકડીના સપાટા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ઈજાગ્રસ્તને સિવિલ પર લઇ ગયાં બાદ ત્યાં સારવાર શરૂ કરી હતી. જોકે, થોડા સમય બાદ તેમનું મોત નીપજ્યું હતું. બનાવ સંદર્ભે ભરૂચ સી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે સરફરાજ ઉર્ફે સફુ અને તેના સાગરિતો સામે હત્યાની કોશિશનો ગુનો નોંધ્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીઓને ઝડપી . તેમની પૂછપરછ કરતાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. સરફરાજ ઉર્ફે સફુએ તેના મિત્રોને જાણ કરી હતી કે, ઓમપ્રકાશે 10 વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યું છે. જેના પગલે તેના મિત્રો ઉશ્કેરાઇ જતાં તમામે મળી તેમને માર માર્યો હતો.

### મામલામાં ઉંડાણપૂર્વક તપાસ થશે

ઝાડેશ્વર ગામના કોઠી ફળિયામાં થયેલી હત્યામાં સરફરાજ મલેક સહિત અક્ષય રાકેશ દેસાઇ, ચેતન સુરેશ વસાવા, બકા સોમા વસાવા તેમજ રવિ બકા વસાવાને ઝડપી પાડ્યાં છે. દુષ્કર્મની વાતમાં કેટલું તથ્ય છે તેની વિગતો મેળવવા ઉંડાણપૂર્વક તપાસ થશે. » હસમુખ ગોહિલ, પીઆઇ, સી ડિવિઝન.

**DATE: 01/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

# અંકલેશ્વરના ખરોડ ગામે જુગાર રમતા ત્રણ ઝડપાયા

અંકલેશ્વર : ભરૂચ જિલ્લામાં દારૂ -જુગાર જેવી પ્રવૃતિઓ ઉપર અંકુશ મેળવવા માટે જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ સતત વિવિધ પોલીસ મથકના કર્મીઓ દ્વારા અલગ - અલગ સ્થળો ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે. ત્યારે પાનોલી પોલીસ મથકના કર્મીઓ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન બાતમી મળી હતી કે ખરોડ હનુમાન ફળિયામાં આયશા મસ્જિદની પાછળના ભાગે કેટલાક ઈસમો પત્તા પાના વડે હાર જીતનો જુગાર રમે છે જે બાદ પોલીસે સ્થળ ઉપર દરોડા પાડ્યા હતા. પોલીસના દરોડામાં જુગાર રમી રહેલા (૧) મહંમદ સલીમ ફૂદબુદ્દીન શેખ રહે, ખરોડ ગામ, અંકલેશ્વર (૨) જુબેર સુલેમાન સિદાત રહે, ખરોડ અંકલેશ્વર તેમજ (૩) ફૈઝલ અબ્દુલ શાહ રહે, ખરોડ અંકલેશ્વર નાઓને ઝડપી પાડી તમામ પાસેથી કુલ ૧૩ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

**રૂા.૧૩ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરાયો**

**DATE: 01/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ઉત્તરપ્રદેશની વ્યક્તિની લાકડીના સપાટા મારતાં મોત થયું હતું

# ઝાડેશ્વર ખાતે થયેલી હત્યાના બનાવમાં ૫ આરોપી ઝડપાયા

## હત્યા અંગેનો હેતુ પોલીસ તપાસ દરમ્યાન બહાર આવશે

| ભરૂચ |

ગતરોજ ઝાડેશ્વર પંથકમાં રહેતા એક પરપ્રાંતિય આધેડની લાકડીના સપાટા મારી હત્યા કરી હોવાનો બનાવ બન્યો હતો. જો કે જિલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ સી.ડીવીઝન પીઆઈ ગોહિલે તપાસનો આરંભ કરતા ગણતરીના કલાકોમાં પાંચ આરોપીઓ ઝડપાયા હતા. મળતી માહિતી મુજબ હત્યા પાછળ પ્રેમપ્રકરણ કારણ હોઈ શકે છે.

બનાવ અંગે વધુ વિગતે જોતા ગતરોજ તા.૨૯ સપ્ટેમ્બરના દિવસે ભરૂચ નજીક ઝાડેશ્વર વિસ્તારમાં સાંઈવાડી તરીકે ઓળખાતા વિસ્તારમાં રહેતા આશરે ૪૫ વર્ષની ઉમંર ધરાવતા મુળ ઉત્તરપ્રદેશના ઓમપ્રકાશ રામેશ્વર નિસાદ કેટલાક સમયથી રોજીરોટી અંગે ભરૂચ પંથકમાં સ્થાયી થયા હતા.આવા સમયે ગતરોજ અગમ્ય કારણોસર પાંચ જેટલા ઈસમોએ ભેગા મળીને તેની નિર્મમ હત્યા કરી હોવાનું જાણવા મળે છે.

સી.ડીવીઝન પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર આ પાંચ વ્યકિતઓમાં સરફરાજ ઈમ્તિયાઝ મલેક રહે.ચાવજ, અક્ષય રાકેશ દેસાઈ, રહે.નર્મદા દર્શન સોસાયટી, મકતમપુર, ભરૂચ, ચેતન સુરેશ વસાવા, રહે.સરિતા રેસીડન્સી, વડદલા, મુળ રહે. સમની, તા.આમોદ, બકાભાઈ સોમાભાઈ વસાવા, રહે. ભૈયાનગરી, ઝાડેશ્વર, રવિ બકાભાઈ વસાવા, રહે.ભૈયાનગર, ઝાડેશ્વર. આ પાંચ આરોપીઓએ ભેગા મળી લાકડીના સપાટા અને અન્ય સપાટાઓ વડે મૃતકને માથાના ભાગે અને શરીરના અન્ય ભાગો પર ઈજા પહોંચાડી હતી. ગંભીર ઈજાઓના પગલે મૃતકનું મોત નિપજયુ હતુ.

**DATE: 01/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# પાનોલી ગામમાં જુગાર રમતા ત્રણ જુગારી ઝડપાયા

અંકલેશ્વર તા.૩૦

પાનોલી પોલીસે ખરોડ ગામના હનુમાન ફળીયામાં આયેશા મસ્જિદની પાછળ જુગાર રમતા ત્રણ જુગારીયાઓને રૂ.૧૩ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

પાનોલી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે ખરોડ ગામના હનુમાન ફળીયામાં આયેશા મસ્જિદની પાછળના ભાગે જુગાર રમાઈ રહ્યો છે જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી રોકડા મળી કુલ રૂ.૧૩ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને જુગાર રમતો ગામનો જુગારી મહમંદ સલીમ કુદબુદીન શેખ,જુબેર સુલેમાન સિદાત અને ફૈઝલ અબ્દુલ શાહને ઝડપી પાડ્યો હતો.